# तत्व दर्शन

દર્શકઃ

પ્રશાન્ત ઘનશ્યામ-જમુના દેસાઈ

રત્ન
૫

# Tatva Darshan

based on

Siddhāntmuktāvalī

of

Pujya Shrī Vallabhāchārya

Written & published by

Prashant Desai

Dipt.me

e-publication

June 1, 2025

મૂલ્યઃ સહયોગ–સેવા

© Prashant Desai

All Rights Reserved.

Without the prior written permission of the publisher,
This book may not be reproduced or sold in any form.

Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

हरिॐ नमो भगवते श्रीकृष्णाय वासुदेवाय

## શ્રીવલ્લભાચાર્યવિરચિતમ્

# ॥ સિદ્ધાંતમુક્તાવલિ ॥

આધારિત

શ્રીવલ્લભ સાહિત્યમાળા : રત્ન – ૫

# તત્ત્વ દર્શન

## શ્લોક પદચ્છેદ અન્વય
## ભાષાંતર તાત્પર્ય

દર્શક : પ્રશાંત ઘનશ્યામ–જમુના દેસાઈ

## પ્ર.લેખ

તત્ત્વ, તત્ = તે = પરમાત્મા.. ભગવાન. સૌથી સંક્ષિપ્ત ને શ્રેષ્ઠ નામ! તત્! હવે ત્વ પ્રત્યય લાગતાં, તેને લગતું.. તેના સંદર્ભમાં, એવો અર્થ થાય. આચાર્યશ્રીએ આ તત્ત્વ દર્શન "સિદ્ધાંતમુક્તાવલિ"માં કરાવ્યું છે. સિદ્ધાંતોનાં મોતીઓની માળા તો છે જ, સાથે શ્રીકૃષ્ણ નામનાં તત્ત્વનું દર્શન છે! એ ગુહ્ય વાત છે.

ભગવાને ગીતામાં ચાર પ્રકારનાં ભક્તો ગણાવ્યાં છે. આર્ત.. દુઃખી, જિજ્ઞાસુ.. જ્ઞાન પીપાસુ, અર્થાર્થી.. ધનપ્રાર્થી કે સત્યપ્રાર્થી અને જ્ઞાની.. વિજ્ઞાતા. તેમાં જ્ઞાની સૌથી પ્રિય, એમ સ્પષ્ટ કહેલું છે. કારણ તેને ભગવાનનું તાત્ત્વિકજ્ઞાન છે જે ક્યારેય નષ્ટ ન થાય અને તેથી તે ભગવાનને ચીટકી રહે છે. સૃષ્ટિનાં ભૌતિક તત્ત્વોનાં જ્ઞાનની સાથે અને દૈવિક તત્ત્વોનાં જ્ઞાનની સાથે, આ પરમતત્ત્વનું જ્ઞાન પણ આવશ્યક છે. આચાર્યશ્રીએ હરિ શબ્દ સમજાવ્યો છે! તે શ્રીકૃષ્ણને પરમ તત્ત્વરૂપે આ ગ્રંથમાં સમજાવે છે.

સાત્ત્વિક મનુષ્ય સમજી શકે! તેથી પ્રથમ પ્રયત્ન જ સાત્ત્વિક થવાનો હોવો જોઈએ. રાજસિક અને તામસિક આહાર, વિહાર, વિચાર અને આચારથી દૂર રહેવું જોઈએ. સાત્ત્વિક આચાર આચરે તે જ આચાર્ય! કારણ શબ્દનો તેવો અર્થ થાય છે, આચરવાં યોગ્ય! જેમના આચરણનું જ અનુસરણ કરવું યોગ્ય છે તે! એક કાળે આચાર્યની પદવી.. ઉપાધી.. ડીગ્રી હતી, મહત્તમ કાશીમાં મળતી. આજે શાળાઓમાં પ્રિન્સીપલને આચાર્ય કહે છે, અર્થાત્ શિક્ષક.. ગુરુ, પિતા કે દાદા, વડીલ.. વાલી, નેતા કે પ્રણેતા, કોઈપણ આચાર્ય થઈ શકે.. કરી શકાય પણ સમજી વિચારીને! કારણ, આખા જીવનનાં વિકાસનો પ્રશ્ન છે!

ધર્મની સીધી સાદી વ્યાખ્યા છે, महाजनो गताः येन स पन्था। મહાપુરુષો જે રસ્તે ગયા, તે જ આપણો રસ્તો! કળિયુગમાં ભગવાનની કૃપા હોય તો જ સાચા મહાપુરુષનું કલન થાય! ખોટા ગુરુઓથી ભગવાન બચાવે! તેથી જો અર્થાર્થી થવું હોય તો ભગવાન પાસે સાચા આચાર્યની માંગણી કરીએ, જે જીવન બદલી દે!

આચાર્ય શ્રીવલ્લભે, ભક્તિમાર્ગનું અતિસુંદર નિરૂપણ કર્યું છે. આ સિદ્ધાંતોની મુક્તાવલી.. મોતીઓની માળા, એક વિશેષ પદ્ધતિથી મનુષ્ય જીવન સમજાવે છે. પાંચ પ્રકારનાં મનુષ્યોઃ માનવદેહ પામીને જે પ્રવાહમાર્ગી છે, તેમાં બે પ્રકાર છે.

(૧) આસુરી સંપદાવાળા સાવ તામસિક પ્રવાહમાર્ગી છે, તેઓ પતન પામે છે. (૨) દૈવી સંપદાવાળા પ્રવાહમાર્ગી, સાત્ત્વિકતાથી તેઓ સદ્ગતિ.. વિકાસ પામે છે. (૩) મર્યાદામાર્ગી, જે સાંપ્રદાયિક છે, સાંસ્કૃતિક પરંપરાઓને માને છે, એ પ્રમાણે જીવે છે. ધર્મી છે પણ રાજસિક.. રૂઢીચૂસ્ત! થોડાં વધુ પ્રયત્નો કરે, સત્સંગ સેવા પુરુષાર્થ કરે તો ભગવાન પુષ્ટ કરે જ! નાસ્તિક સાધક હોય તો જ્ઞાનમાર્ગે વળે. (૪) જ્ઞાનમાર્ગી.. સંન્યાસમાર્ગી કે પુષ્ટિમાર્ગી.. જે જીવનને પૂર્ણ સાત્ત્વિક કરીને, કર્મોથી ને ભક્તિથી પુષ્ટ થયાં છે, તેવાં ભગવાનને પ્રિય થયેલાં ભક્તો અને છેલ્લે (૫) સિદ્ધ સંન્યાસી કે પુષ્ટ ભક્તો.. જ્ઞાનીભક્તો. બ્રહ્મજ્ઞાનથી ગુણાતીત થયેલાં અને જેમનું જીવન જ ભગવાને સ્વીકારી લીધું છે તેઓ, મહાપુરુષો તરીકે પ્રસિદ્ધિ પામે છે. તેવાં પૂર્ણભક્તોનાં જીવન આદર્શરૂપ થાય છે, તેમનાં માર્ગદર્શનથી આપણા જીવનને પુષ્ટિ મળે, પુષ્ટિમાર્ગી થવાય, અન્યથા સૌ મર્યાદામાર્ગી જ છે.

સિદ્ધ સંન્યાસીને ભગવાન મળે છે, પણ અક્ષરબ્રહ્મ સ્વરૂપે કે જેને તેઓ શૂન્ય કહે છે.. નિર્વાણ કહે છે. તેમ ભગવાન જ્ઞાનીભક્તને મળે છે, પણ ભક્ત ઇચ્છે તે સ્વરૂપે! આ જ દ્વૈતની.. ભક્તિની વિશેષતા છે. મનુષ્યનું લક્ષ્ય તો એક પરમાત્મા જ છે પરંતુ કયો માર્ગ પસંદ કરે છે તે અગત્યનું છે. અન્ય ગ્રંથમાં આચાર્યશ્રીએ સિદ્ધ કર્યું છે કે કળિયુગમાં ભક્તિ જ શ્રેષ્ઠ અને સરળ ઉપાય છે.

અત્રે મહાન આચાર્ય શ્રીવલ્લભે શ્રીકૃષ્ણ તત્ત્વનું નિરૂપણ કર્યું છે, દૃષ્ટાંતો સાથે સ્પષ્ટ સમજૂતિ આપેલી છે તેથી સરળ થયું છે. ભગવાને એક જ અવતાર લીધો છે, શ્રીકૃષ્ણનો! તેથી પૂર્ણપુરુષોત્તમ કહેવાય છે. બીજા બધાં અવતારો આંશિક છે કાંતો વિષ્ણુ કે શિવનાં છે. તાત્ત્વિક દૃષ્ટિથી ત્રિદેવો.. બ્રહ્મા–વિષ્ણુ–મહેશ, ભગવાન નથી દેવો છે; ભગવાન કહીએ છીએ તે અલગ વાત છે. આપણે તો કોઈને પણ ભગવાન કહી દઈએ છીએ, કારણ ભગવાન શબ્દનો અર્થ ખબર નથી. પૂર્ણતઃ સર્વશક્તિમાન કોઈ થઈ જ ન શકે, ભગવાને રચના જ એવી કરી છે. ત્રિદેવોથી લઈને બ્રહ્માંડની સર્વ વસ્તુઓ કે વ્યક્તિઓ, ભગવાનનો એક અંશ માત્ર છે! હવે કલ્પના કરો ભગવાન કોણ છે! અને તે તત્ત્વના અવતાર હતા શ્રીકૃષ્ણ. વેદવ્યાસે તેથી લખ્યું, कृष्णस्तु भगवान्स्वयम्।

તો આ ગ્રંથ શાંતિથી વાંચી વિચારીને આત્મસાત્ કરીએ. શ્રીહરિ સૌને સહાય કરે તેવી અભ્યર્થના સહ...

१ नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्तविनिश्चयम्।
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता॥

| | | | | |
|---|---|---|---|---|
| नत्वा | हरिम् | प्रवक्ष्यामि | स्वसिद्धान्त | विनिश्चयम् |
| નમીને | શ્રીકૃષ્ણને | કહું છું | સ્વયંના સિદ્ધાંતને | યથાર્થ નિશ્ચય કરીને |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| कृष्णसेवा | सदा | कार्या | मानसी | सा | परा | मता |
| કૃષ્ણની ભક્તિ | નિત્ય | કર્યા કરવી | માનસમાં | તે | પરમ.. શ્રેષ્ઠ | માની છે |

हरिम्.. श्रीकृष्णम् नत्वा स्वसिद्धान्तम् विनिश्चयम् (अहम् आचार्य वल्लभ) प्रवक्ष्यामि। सदा मानसी कृष्णसेवा कार्या, सा परा मता (परतः च स्वतः मतः)॥

શ્રીહરિ.. શ્રીકૃષ્ણને નમીને, વ્યવસ્થિત નિર્ણય કરીને, (હું વલ્લભાચાર્ય) સ્વસિદ્ધાંત.. મારો નિશ્ચિત મત કહું છું.. રજુ કરું છું. નિત્ય.. સદાકાળ માનસી.. મનથી.. મનમાં કૃષ્ણસેવા.. કૃષ્ણભક્તિ કર્યા કરવી; જેને પરમ.. શ્રેષ્ઠ માની છે. (બીજાના તથા મારા અભિપ્રાયથી).

તાત્પર્ય ઃ જ્ઞાનીભક્ત નરસિંહે લખ્યું છે, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું! અને ...અહિંયા કોઈ નથી કૃષ્ણ તોલે! અહીં આચાર્યશ્રી પહેલું જ કહે છે, અહીં કૃષ્ણ સિવાય કોઈ નમવા જેવું છે જ નહીં! તેથી પ્રથમ હરિને નમન કરીને સ્વસિદ્ધાંત સ્થાપું છું, એમ કહે છે. સિદ્ધાંત એટલે, પ્રયોગો પછી કે તપશ્ચર્યાને અંતે, સત્ય સિદ્ધ થયેલો અંતિમ નિર્ણય કે નિશ્ચિત મત.

લાગે છે કે આ જ પહેલો સિદ્ધાંત! ભગવાન સિવાય કોઈને નમવું નહીં. આપણે ગમે તેને પગે લાગીને, આપણી બુદ્ધિ હલકી કરીએ છીએ! ભગવાનને, ગુરુતુલ્ય મહાપુરુષને અને માતા-પિતા સિવાય સૌને નમસ્કાર થાય, પગે ન લગાય!

શ્રીકૃષ્ણ સર્વના અંશી છે, કોઈપણ દેવી-દેવતા કે અવતારી પુરુષ, એ કૃષ્ણના અંશરૂપ છે. હવે અંશની ભક્તિ કરવી કે અંશીની? તેથી કૃષ્ણસેવાનો આગ્રહ છે. માનસી.. પ્રસન્ન મનથી, જાગૃત મનમાં જ! માનસિક તપથી.. શ્રીકૃષ્ણ તત્ત્વનું મનન કરતાં રહીને, ભજન-કીર્તન કે સેવન-પૂજન થવાં જોઈએ. આચાર્યશ્રી કહે છે, આ માનસી સેવા જ સાચી, પરમ શ્રેષ્ઠ ભક્તિનું સ્વરૂપ છે. સૌ આચાર્યો અને ભક્તોએ આ માનસી સેવાને માન્ય કરી છે, કરવા યોગ્ય છે.

२ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा।
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| चेतः | तत् | प्रवणम् | सेवा | तत् | सिद्ध्यै | तनु | वित्तजा |
| ચિત્ત | તેને | વળગી રહે | સેવા | તેની | સિદ્ધિ માટે | તનથી | ધનથી થતી |

| | | | |
|---|---|---|---|
| ततः | संसार-दुःखस्य | निवृत्तिः | ब्रह्मबोधनम् |
| તે પછી | સંસારરૂપી દુઃખની | નિવૃત્તિ થાય | બ્રહ્મનો બોધ, જ્ઞાન થવાથી |

(सर्वदा मनोजा..) चेतः तत्.. श्रीकृष्णात् सेवा प्रवणम् (स्यात्। अपितु असंभवात्) तत् सिद्ध्यै तनु(जा च) वित्तजा (सेवा प्रबन्धयेत्)। ततः ब्रह्मबोधनम् (च) संसारदुःखस्य निवृत्तिः (भवमुक्तिः स्यात्)॥

(સર્વકાળે માનસ..) ચિત્ત તેની.. શ્રીકૃષ્ણની સેવામાં પ્રવણ.. ભક્તિમાં લીન.. પરાયણ (રહેવું જોઈએ. પણ તે સંભવ ન હોય તો) તેની સિદ્ધિ માટે, દેહથી અને વિત્તથી (થતી સેવાઓનો પ્રબંધ કરવો. તેનાથી શુદ્ધિ થશે અને) તે પછી બ્રહ્મનું બોધન થશે, સંસારરૂપી દુઃખની નિવૃત્તિ.. છુટકારો થશે. (ભવમુક્તિ થશે.)

તાત્પર્ય ઃ योगश्चित्तवृत्ति निरोधः। એ યોગસૂત્ર પ્રમાણે, ચિત્ત તેની સર્વ વૃત્તિઓ રોકીને કે નષ્ટ કરીને, માત્ર પ્રભુમાં લીન રહે તો ઉત્તમ છે. સત્વર બ્રહ્મબોધન થશે, પણ સંસારી લોકોને ક્યાં શક્ય છે? હરિમાં મન લગાવવું અશક્ય છે.

એક વાત પ્રચલિત છે, તન મન ધનથી સેવા! અહીં આચાર્યશ્રી યોગ્ય ક્રમ દર્શાવે છે, પ્રથમ તનુજા.. પ્રભુકાર્યમાં હાથ-પગ ઘસીએ! શરીર સાધન કામે લાગે! તેના માટે સમય આપવો જ પડે! તે થયું સમયધનદાન, પછી વિત્તજા સેવા! વિત્તથી ભગવાન અને સેવા મળતાં નથી અને કોઈને વિત્ત આપીને છૂટાં થવાતું નથી! એ સેવા નથી! વિત્તજા એટલે જેમાં ચિત્ત શુદ્ધ થતું હોય તેમાં વિત્ત વાપરવું. વિત્તથી નામ નહીં, માન નહીં કે કોઈ કામ નહીં; માત્ર ચિત્તની શાંતિ થાવ. કંઈપણ કરો, શાંત મન ઈશ્વરમાં લાગવું જોઈએ, એ પ્રથમ વાત છે.

તન-ધનથી મનની શુદ્ધિ થશે, મન શુદ્ધ થતાં જ આત્મપ્રકાશ થશે.. બ્રહ્મબોધન થશે. એ પછી સાચી ભક્તિનો આરંભ હશે! એ પછી જ આનંદનો રંગ હશે! હવે સંસાર કે સુખ-દુઃખને સ્થાન રહેશે નહીં. આ જ સંસારનિવૃત્તિનો સિદ્ધાંત!

३ परंब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहत्।
द्विरूपं तद्धि सर्वं स्याद् एकं तस्माद्विलक्षणम्॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| परंब्रह्म | तु | कृष्णः | हि | सत्-चित्-आनन्दकम् | बृहत् | | |
| બ્રહ્મથી પરે | સાચે | કૃષ્ણ | જ | સત્ ચિત્ આનંદ સ્વરૂપ | બ્રહ્માંડ | | |
| द्विरूपम् | तत् | हि | सर्वम् | स्यात् | एकम् | तस्मात् | विलक्षणम् |
| બે રૂપે | તે | જ | સઘળે | વ્યાપ્ત છે | એક | તેથી | વિલક્ષણ છે |

तु कृष्णः हि परंब्रह्म (तथा) सच्चिदानन्दकम् बृहत् (ब्रह्म)। तत् हि द्विरूपम् सर्वम् स्यात्। तस्मात् विलक्षणम् एकम् (अद्वितीय्)॥

સાચે, શ્રીકૃષ્ણ જ પરંબ્રહ્મ.. બ્રહ્મથીય પરે.. બ્રહ્મનાં અંશી છે (તથા) સત્-ચિત્-આનંદ સ્વરૂપ બૃહદ્ (બ્રહ્માંડ તેમનો જ અંશ છે, તેથી આત્મતત્ત્વરૂપ અને બ્રહ્મતત્ત્વરૂપ એમ) તે જ બન્ને રૂપે સઘળું થયાં છે. તેથી વિલક્ષણ એકત્વ છે.

તાત્પર્ય ઃ આ જ વિલક્ષણ.. અસામાન્ય સિદ્ધાંત છે. બુદ્ધિ માટે પારલૌકિક છે! અહીં એક કોયડો.. પઝલ છે; તરત સમજાય તેવું કૌતુક છે. તો શબ્દ છે, જીવાત્મા! સમાસ છે, જીવ અને આત્મા. તેમાં આત્મા જ વિલક્ષણ તત્ત્વ છે, અવિજ્ઞેય છે. એક પરમાત્મ તત્ત્વ જે નિત્ય હતું.. છે.. રહેશે; તે અંશી.. સર્વ અંશોનું મૂળ છે. તેને થયું एकोऽहं बहुस्याम् प्रजायैः। હું એક છું, અનેક થાઉં! કારણ, न एकाकी रमते.. એકલા રમી ન શકાય!

मोटरगाडी मोटरगाडी सभी जीवकी मोटरगाडी,
हर कारकी तय है अवधी, प्रति कारमें दो सवारी,
एक प्रवासी बंदी कारमें, एक प्रवासी हर कारमें!
बद्धयात्री ही रागमार्गी है, गतिरूपमें रामयात्री है!

ભગવાન જ બ્રહ્મરૂપ.. બૃહદ થયા. આચાર્યશ્રી કહે છે, તેનું ભગવદ્રૂપે અને બ્રહ્મરૂપે રહેવું વિલક્ષણતા છે. પછી બ્રહ્મ જ અપરાપ્રકૃતિ અને બ્રહ્મ જ પરાપ્રકૃતિ! તે બ્રહ્મનો એક અંશ જીવરૂપ અને બીજો અંશ તેના દેહરૂપ થયો, તેમાં બદ્ધ થયો! કેમ? રમતના આનંદ માટે! "શિવથકી જીવ થયો એ જ આશે!" તેના માટે આખું વિષય જગત ઊભું કર્યું! હવે રમત આટલી જ છે, વિશ્વનો પડદો હટાવીને તેને શોધી લેવાનો છે. તે દૂર નથી, સાથે જ છે! તેનાથી જ ગતિ છે અને તે જ ગંતવ્ય છે; છતાં વિષયબદ્ધ જીવ, સાથે જ રહેલા આત્માને પામી શકતો નથી. આને જ પ્રભુ માયા ગણે છે! હવે પ્રભુને શરણે જઈને જ તેને પામી શકાશે.

४ अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः।
मायिकं सगुणं कार्यं स्वतन्त्रं चेति नैकधा॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| अपरम् | तत्र | पूर्वस्मिन् | वादिनः | बहुधा | जगुः |
| ભિન્ન (મત) | ત્યાં | પહેલાનાં | મતવાદીઓ | ઘણાં | જગ ઉત્પત્તિમાં |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| मायिकम् | सगुणम् | कार्यम् | स्वतन्त्रम् | च | इति | न | एकधा |
| માયાવાદ | સગુણવાદ | કાર્યવાદ | સ્વતંત્રવાદ | અને | આમ | નથી | એકરૂપ |

तत्र अपरम् (मताः) पूर्वस्मिन् बहुधा जगुः वादिनः। मायिकम् सगुणम् कार्यम् च स्वतन्त्रम् इति (मताः अनेकविधः) न एकधा॥

ત્યાં અપર.. અન્યનાં (મત-મતાંતરો) પૂર્વકાળમાં, જગતની ઉત્પત્તિનાં વાદિઓ, દર્શનકારો ઘણાં (થયાં. જેમકે) માયાવાદ, સગુણવાદ, કાર્યવાદ અને સ્વતંત્રવાદ આમ (મતો અનેકવિધ છે છતાં) નથી એક પ્રકારનાં.

તાત્પર્ય : વાદવિવાદોની ચર્ચા અસ્થાને છે. તેમાંય કળિયુગનાં ઉત્ક્રાંતિવાદ, ગ્રંથિવાદ અને અણુવાદ જેવાં અર્ધસત્યો હોય ત્યાં શું થાય? કોઈ એકમત નથી, આ સત્ય છે. વાસ્તવિક દેશ-કાળ પ્રમાણે વિભિન્ન મતો રહેવાનાં જ!

વૃક્ષ પહેલું કે બી પહેલું? કોઈ ઉત્તર છે? તેથી જેમ ભગવાન અવ્યક્ત છે તેમ, તેનું બ્રહ્મ સ્વરૂપ.. મહત્પ્રકૃતિ પણ અવ્યક્ત છે. તેનાં આરંભ કે અંત અકલ્પનીય છે. કોઈ કહે કે આપણે જન્મ્યાં તે સૃષ્ટિનો આરંભ ને મર્યા તે અંત! "હું છું તો સૃષ્ટિ છે, હું નથી તો સૃષ્ટિ નથી." આ કેટલું સત્ય છે? આવાં આ બધાં વાદો છે.

આચાર્યશ્રીને પંડિતો સમક્ષ સિદ્ધાંત રાખવાનો હતો તેથી સિદ્ધ કર્યું જ હશે, ઉપરોક્ત વિભિન્ન મતો ક્યાં ખોટા છે. અહીં માત્ર નામ નિર્દેશ છે. આચાર્ય શંકરે પણ જે માયાવાદ ઊભો કર્યો, તે કાળને અનુરૂપ, બૌદ્ધોને પરાસ્ત કરવા માટે જ! અન્યથા વેદ વિરુદ્ધ તે કેમ જાય? સૌ આચાર્યો બ્રહ્મસૂત્રનાં સિદ્ધાંતો જાણે છે કે, लोकवत् तु लीला कैवल्यम्! આ ભારતીય સનાતન સિદ્ધાંત છે કે સૃષ્ટિ લીલા.. રમત અને આનંદ માટે રચી છે.

હવે, મહાપુરુષો તો રમત પૂર્ણ કરીને, પૂર્ણાનંદમાં ભળી ગયાં! પ્રશ્ન આપણો છે, કયો રસ્તો લઈએ જેથી આપણે પણ સરળતાથી આ રમત પૂર્ણ કરી શકીએ? તેનું સમાધાન શ્રીવલ્લભાચાર્ય આપી રહ્યાં છે.

५ तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम्।
द्विरूपं चापि गंगावज् ज्ञेयं सा जलरूपिणी॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| तत् | एव | एतत् | प्रकारेण | भवति | इति | श्रुतेः | मतम् |
| તે | જ | આ | પ્રકારથી | થાય છે | એમ | વેદનો | મત છે |
| द्विरूपम् | च | अपि | गंगावत् | ज्ञेयम् | | सा | जलरूपिणी |
| બે રૂપે | અને | પણ | ગંગાની જેમ | જાણવા યોગ્ય | | તે | જળ સ્વરૂપાને |

श्रुतेः मतम् द्विरूपम् इति। एतत् प्रकारेण तत् एव भवति। (दृष्टांतः)
सा अपि ज्ञेयम् गंगावत् (देवीवत्) च जलरूपिणी (प्रवाहवत्)॥

શ્રુતિ.. વેદના મત પ્રમાણે, દ્વિરૂપ.. બે રૂપો છે એમ (સિદ્ધ થાય છે.) આ જ પ્રકારે તે (પરમાત્મા) જ (દ્વિરૂપ) થાય છે. (દૃષ્ટાંત આપે છે), તે પણ જણાય છે (જેમ) ગંગા દેવીની જેમ અને જળ સ્વરૂપ ધારણ કરીને રહેલાં (ગંગાજી.)

તાત્પર્ય ઃ જે શ્રુતિનો.. વેદનો મત છે તે જ આચાર્યશ્રીએ કહ્યો છે, એ પૂર્ણ સત્ય છે, બીજા આંશિક સત્યો છે. જેમ હાથી થાંભલા જેવો ખરો પણ આંશિક સત્ય છે, જ્યાં તેનાં પગ છે ત્યાં! અખિલ હાથી નહીં.

અવિકલ્પનીય ભગવાન જ એક વિલક્ષણ રૂપે છે અને બીજું બ્રહ્મરૂપ ધારણ કરીને પ્રવર્તમાન છે. બ્રહ્મ આ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. આ દૃષ્યમાન-અદૃષ્યમાન બ્રહ્માંડ.. જગત તેનામાં જ પ્રતીત થાય છે. ईशावास्यं इदं सर्वम्! ઈશ્વરનાં એક નાનકડા અંશરૂપ બ્રહ્માંડનો તાગ નથી મળતો ત્યાં, અખિલ ભગવાનને ક્યાંથી ઓળખી શકાય?

અત્રે ગંગાજીનું દૃષ્ટાંત આપે છે. જેમ ગંગાજી દૃષ્ટ સ્વરૂપે જળવત રહેલાં છે અને અદૃષ્ટ દેવી સ્વરૂપે છે જ; તેમ બ્રહ્મરૂપે વિશ્વવ્યાપ્ત થઈને પણ અવ્યક્ત, અચિંત્ય, અવિજ્ઞેય સ્વરૂપે ભગવાન પણ વિદ્યમાન છે જ. બીજું, જળથી ગંગાજી નથી, ગંગાજી છે તો જળ છે તેમ, ઈશ્વરથી સચરાચર સૃષ્ટિ છે. ઈશ્વર કંઈ માનવમનની કલ્પના નથી.. માનવસર્જિત નથી! ઘણાં લોકો તેવું માને છે, એટલું જ કે ત્યાં સુધી પહોંચવાની આપણી યોગ્યતા નથી. જ્યાં બ્રહ્મની ભાળ નથી ત્યાં ભગવાન તો બહુ દૂરનો વિષય છે! આ સિદ્ધાંત કોણ સમજી શકે? તેઓ, જેમનો થોડો પણ ઉપનિષદો કે આધ્યાત્મિક ક્ષેત્રમાં અભ્યાસ છે, અભિરુચિ છે.

६ महात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा।
मर्यादामार्गविधिना तथा ब्रह्मापि बुद्ध्यताम्॥

| | | | |
|---|---|---|---|
| महात्म्य-संयुता | नृणाम् | सेवताम् | भुक्ति-मुक्तिदा |
| મહાત્મ્યથી યુક્ત | મનુષ્યોને | ભક્તોને | ભોગ ને મોક્ષ આપનારાં |

| | | | | |
|---|---|---|---|---|
| मर्यादा-मार्ग-विधिनाम् | तथा | ब्रह्म | अपि | बुद्ध्यताम् |
| મર્યાદા માર્ગી.. રૂઢીગત વિધિપૂર્વક | તેમજ | બ્રહ્મરૂપ | પણ | જાણો.. સમજો |

मर्यादामार्ग विधिनाम् सेवताम् नृणाम् (अपि) माहात्म्य संयुता (गंगा) भुक्तिदा-मुक्तिदा (भवति)। तथा ब्रह्म अपि बुद्ध्यताम्॥

મર્યાદામાર્ગી.. પરંપરાગત વૈદિક વિધિઓવાળા, સેવકો.. ભક્તો (પરંતુ સકામ) મનુષ્યોને, મહિમાયુક્ત (ગંગાદેવી) સુખ-ભોગ અને દુઃખ-મોક્ષ આપનારાં થાય છે. તેમ (આ દૃષ્ટાંત પ્રમાણે સર્વાત્મક) બ્રહ્મને સમજો.. ઓળખો.

તાત્પર્ય ઃ જો ગંગા માત્ર નદી હોત, માત્ર પાણી હોત તો કોઈ તેની પૂજા કરે? હજારો વર્ષોથી તેનાં ભક્તોને સુખભર્તા દુઃખહર્તા થાય છે, તે જ સિદ્ધ કરે છે કે તે દેવી કે બ્રહ્મ સ્વરૂપે પણ છે જ. વિષય માત્ર શ્રદ્ધાનો નથી, વિધિવત્ શાસ્ત્રીય પૂજનનો પણ છે. માનતા કે બાધા શું છે? માનતા.. માન્યતા જે શ્રદ્ધાનો વિષય છે અને બાધા.. બાધ્યતા.. બંધન એ વિધિનું ક્ષેત્ર છે. અહીં વિજ્ઞાન છે, બંધનથી શક્તિ નિર્માણ થાય અને જે તે બંધનનું પ્રતિજ્ઞાપૂર્વક પાલન થાય તો, તે નિર્મિત શક્તિનું દેવ-દેવી પ્રસન્ન થઈને જે તે ઇચ્છિત ફળ આપે.

કોઈપણ દેવ-દેવી મૂળ તો બ્રહ્મરૂપે જ છે. તેઓ ફળ આપે તેમાં ભગવાનનો જ આદેશ હોય છે. તેથી તો ભગવાનને જીવન સોંપીને જ જીવવું જોઈએ. છતાં ધારો કે કોઈ દેવી પાસે દિકરો માંગે; માનતા રાખે.. બાધા બાંધે! હવે, દેવી તો જાણે છે કે ભાગ્યમાં છે કે નહીં. વિધિથી પ્રસન્ન થઈને ભાગ્યમાં નહીં હોય તો પણ આપશે, તે લોન.. ઉધાર લેવા જેવું થશે. પહેલાં ફળ લઈ લીધું, હવે કર્મો કરવાનાં રહેશે. જો તેમ ન થયું, મર્યાદા ચૂકી ગયા તો પ્રકૃતિ છોડશે નહીં. તેથી તે યાચક દુઃખી થશે તેમ દિકરો પણ દુઃખી રહેશે! સુખ કરવા જતાં દુઃખ થશે!

કર્મો પણ એક માયાજાળ જ છે, તેથી ભગવદ્ શરણ! એક માત્ર ઉપાય! તેની ઇચ્છા પ્રમાણે જ જીવવાનું. પ્રભુ જ આ કર્મબંધનોમાંથી છોડાવશે.

७ तत्रैव देवतामूर्तिर् भक्त्या या दृश्यते क्वचित्।
गंगायां च विशेषेण प्रवाहाभेदबुद्धये॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| तत्र | एव | देवतामूर्तिः | भक्त्या | या | दृश्यते | क्वचित् |
| ત્યાં | જ | મૂર્તિમંત સ્વરૂપ | ભક્તિપૂર્વક | જે | દેખાય છે | ક્યારેક.. કોઈકને |

| | | | |
|---|---|---|---|
| गंगायाम् | च | विशेषेण | प्रवाह-अभेद-बुद्धये |
| ગંગાદેવીમાં | અને | વિશેષરૂપે | પ્રવાહમાં અભેદ બુદ્ધિથી |

या गंगायाम् विशेषेण (ज्ञानेन) च प्रवाह-अभेद-बुद्धये (पुष्टि-बुद्धये), तत्र एव क्वचित् भक्त्या दृश्यते देवतामूर्तिः॥

જે ગંગાજીમાં વિશેષરૂપે.. જ્ઞાન થવાથી અને તેમનાં પાણીનાં પ્રવાહમાં ભેદભરહિત (પુષ્ટિ.. શુદ્ધ સાત્ત્વિક, જેને દેવી અને નદીમાં ભેદ નથી તેવી) બુદ્ધિથી ત્યાં જ, ક્યારેક.. કોઈકને, ભક્તિભાવથી મૂર્તિમંત દેવી.. પ્રત્યક્ષ ગંગાજીનાં દર્શન થાય છે.

તાત્પર્ય : જો પરિશુદ્ધ જીવન હોય, ગંગાજી પ્રત્યે નિષ્કામ ભક્તિભાવ હોય અને યોગ્યતા હોય તો, ગંગાજી પ્રગટ થઈને દર્શન આપે એમાં કોઈ શંકા નથી. એટલું જ નહીં, તે ગંગાજીને તત્ત્વરૂપે પણ ઓળખી શકે છે. તેઓ જ કહી શકે, गम्यते.. प्राप्यते भगवत्पदं येन सा गंगा! જે ગંગાનો પ્રવાહ બહાર વહે છે તેવો જ પ્રવાહ મારી અંદર વહે છે; તે દિવ્ય પ્રવાહને જ પ્રેમપ્રવાહ કહ્યો છે. આ પ્રેમપ્રવાહને જે જાણી લે છે, તેને જ સાચું ગંગાસ્નાન કર્યું ગણાય.

આવાં ગંગાતત્ત્વની અનુભૂતિ થાય તો દર્શન શક્ય છે. અન્યથા જે કહ્યું છે, गंगा स्नानात् मुक्तिः। શું ગંગામાં જે સ્નાન કરે તે બધાને મુક્તિ મળી જાય? સ્નાનનાં હેતુઓ ભિન્ન રહેવાનાં જ! કોઈ આનંદ માટે, કોઈ દેહશુદ્ધિ માટે, કોઈ વિધિ માટે તો કોઈ પાપનિવારણ માટે સ્નાન કરતું હશે. કોઈક જ પુણ્યકર્મનો ઉદય સમજીને, ગંગા સ્નાનનું સૌભાગ્ય સમજીને કે કૃપા સમજીને સ્નાન કરતું હશે. તેનો વિકાસ થાય, તેને ભક્તિભાવ જાગે! તે અંતે ક્યારેક દર્શનનો લાભ પણ મેળવે!

આચાર્યશ્રી કહે છે, ગંગાજી જેમ બ્રહ્મ સ્વરૂપા છે, દર્શન આપી શકે છે, ભલું કરી શકે છે; તેમ બ્રહ્મને પણ જાણો! તે નિર્ગુણ નિરાકાર છે તેમ સગુણ સાકાર પણ છે જ. એ આપણી તત્ત્વ ઉપાસના ઉપર નિર્ભર છે. જ્યારે બાહ્ય ભૌતિકતત્ત્વ, શક્તિરૂપ દૈવીતત્ત્વ અને આત્મિકતત્ત્વ એકરૂપ લાગે ત્યારે દર્શન થાય!

८ प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात्तया जले।
विहिताच्च फलात् तद्धि प्रतीत्यापि विशिष्यते॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| प्रत्यक्षा | सा | न | सर्वेषाम् | प्राकाम्यम् | स्यात् | तया | जले |
| દેખાતાં | તે | નથી | બધાંયને | કામનાપૂર્ત | થાય | તેનાથી | જળમાં |
| विहितात् | च | फलात् | तत् | हि | प्रतीत्या | अपि | विशिष्यते |
| યોગ્યતાથી | અને | ફળપૂર્વક | તે | કેમ કે | પ્રતીતિ | પણ | વિશેષ થાય |

सा (गंगा) सर्वेषाम् न प्रत्यक्षा.. न दर्शयात्। तत् विहितात् च फलात् हि प्राकाम्यम् स्यात्, तया जले अपि प्रतीत्या विशिष्यते॥

તે (ગંગાજી) સર્વને.. દરેકને પ્રત્યક્ષ થતાં નથી.. દર્શન દેતાં નથી. તે યોગ્ય સાધકને અને (કર્મ કે ભક્તિનાં) ફળ પ્રતાપે જ, (દર્શનની) કામના પૂર્તિ કરે છે. (પ્રાકામ્ય નામની એક સિદ્ધિ છે, તે દેવી-દેવતાઓ દ્વારા પૂર્ણ થાય છે.) તેથી જળમાં પણ (દેવીની) પ્રતીતિ વિશેષરૂપે થાય છે.

તાત્પર્ય ઃ ગંગાજી હોય કે અન્ય દેવી-દેવ, તેમની ભક્તિ શા માટે કરીએ છીએ? તે પ્રશ્ન આપણે સ્વયંને પૂછવો જોઈએ. સુખોની ભુક્તિ માટે કે દુઃખોની મુક્તિ માટે? જીવનના વિકાસ માટે કે જીવનની પરિપૂર્ણતા.. મોક્ષ માટે? દેવ-દેવીઓ બધું કરશે. જો ઉદ્દેશ સાંસારિક બાબતો હશે તો કામ્યપૂર્તિ કરશે, શુદ્ધિ કે દર્શન નહીં આપે. દૈવી કે પારમાર્થિક ઉદ્દેશ હશે તો પ્રાકામ્યપૂર્તિ કરશે! તેમાં ભક્તિ અને યોગ્યતા દેખશે, પરીક્ષા પણ થાય. તે પછી વિશેષ પ્રતીતિ કે દર્શનનો લાભ મળે.

દેવી દેવતાઓ પણ બ્રહ્મનાં જ સ્વરૂપો છે, અને ભગવાન પણ તેમની સાથે વિશેષરૂપે છે. હોઈ શકે ક્યારેક કોઈ દેહધારી મનુષ્ય હોય અને બ્રહ્મ પ્રાપ્તિ કરીને મુક્ત થયાં હોય! અથવા બ્રહ્મરૂપે જ ભગવાન જે કાર્ય સોંપે તેમાં સંલગ્ન થયાં હોય! તેઓ સગુણ નિરાકાર છે, પોતાનાં બ્રહ્મસ્વરૂપમાંથી વિચલિત થતાં નથી અને પ્રભુએ સોંપેલા પ્રાકૃતિક કાર્યોમાં અવિરત મગ્ન રહે છે. દેવતાઓ કર્મયોગનું પૂર્ણ પરિપાલન કરે છે, તેમાં ક્યાંય ચૂક નથી.

હવે જેઓની ભક્તિ ફળીભૂત થઈ છે, તેઓને દેવ કે દેવી દર્શન આપે તે ચમત્કાર નથી. આચાર્યશ્રીને તેનો અનુભવ છે; યમુનાષ્ટકમાં યમુનાજી અને ગંગાજીનાં દર્શન તેનો પુરાવો છે.

९ यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत्।
यथा देवी तथा कृष्णस् तत्राप्येतदिहोच्यते॥

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| यथा | जले | तथा | सर्वम् | | यथा | शक्ता | तथा | बृहत् | | | |
| જેવું | જળરૂપ | તેવું | સઘળું.. વિશ્વરૂપ | | જેવી | શક્તિરૂપે | તેવું | બ્રહ્મરૂપ | | | |
| यथा | देवी | तथा | कृष्णः | तत्र | अपि | एतत् | इह | उच्यते | | | |
| જેમ | તત્ત્વરૂપે દેવી | તેમ | શ્રીકૃષ્ણ | ત્યાં | પણ | એ જ | અહીં | કહેવાય છે | | | |

यथा जलम् तथा सर्वम् (भौतिकम्), यथा शक्ता तथा बृहत् (आधिदैविकम्), यथा देवी तथा कृष्णः (आधि-आत्मिकम्)। तत्र (गंगायाम् अस्ति), एतत् इह (देहे आत्मा) अपि उच्यते॥

જેવું જળરૂપે છે, તેવું સર્વ (જગતરૂપે, ભૌતિક છે.. આ સર્વનું ઉપાદાન કારણ બ્રહ્મ છે). જેમ શક્તિસ્વરૂપા.. જેમકે ગતિ શક્તિ, જીવન શક્તિ (તે દૈવત્ છે, બ્રહ્મ તેનું નિમિત્ત કારણ છે અને) જેમ દેવી.. પ્રગટ થયેલાં ગંગાજી છે, તેવાં જ શ્રીકૃષ્ણ છે. ત્યાં દેવી.. ગંગાજી (દૃષ્ટાંતરૂપે છે) એ જ અહીં (દેહમાં) પણ કહેવાય છે.

તાત્પર્ય : ગંગાજીના દૃષ્ટાતથી "જે પીંડે તે બ્રહ્માંડે" આ સિદ્ધાંત સૂચવ્યો છે. આ જ વાતો ગીતાજીમાં વિવિધતાથી કહી છે; જગત-જીવ-ઈશ્વર આ રૂપોને, સાતમાં અધ્યાયમાં પરાપ્રકૃતિ-અપરાપ્રકૃતિ-પ્રભુ નામથી કહ્યાં, તેરમાં અધ્યાયમાં ક્ષેત્ર-ક્ષેત્રી-ક્ષેત્રજ્ઞ નામથી અને પંદરમાં અધ્યાયમાં ક્ષરપુરુષ-અક્ષરપુરુષ-પુરુષોત્તમ નામથી ઓળખાવ્યાં છે. તેઓ જ મૂળે, ઉપાદાન બ્રહ્મ-નિમિત્ત બ્રહ્મ-પરંબ્રહ્મ છે, જેમાં નિમિત્ત બ્રહ્મ જ જીવરૂપ થયેલો છે.

સૃષ્ટિનું પ્રત્યેક ચૈતન્ય આ નિમિત્તબ્રહ્મ છે. તેમાં દેવો પૂર્ણ ચૈતન્ય.. દિવ્યબ્રહ્મ છે, અસુરો કે દાનવો વિપૂર્ણ અર્થાત્ બ્રહ્મની ભ્રાંત સમજણમાં રહે છે, જેમકે ઈશ્વરોऽहं अहं भोगी! અને જેમને જીવો કહે છે તે આપણે અપૂર્ણ બ્રહ્મ છીએ. અશુદ્ધ હોવાથી જીવની ઉપાધી છે, આપણને ભવરોગ લાગ્યો છે તેથી ફર્યા કરીએ છીએ! જીવ જ્યારે પૂર્ણ બ્રહ્મરૂપ થાય ત્યારે દેવતુલ્ય જ થાય છે, મહાપુરુષો તેથી તો પૂજાય છે. પ્રત્યેક જીવ સાથે, ચૈતન્ય સાથે પરમાત્મા રહેલા છે પરંતુ તેમની અવસ્થા.. પદવી ભિન્ન છે. ઉપદ્રષ્ટા થી પરમાત્મા સુધીની તેમની સ્થિતિ છે (ગીતા ૧૩.૨૨), આમ પ્રત્યેક બ્રહ્મ સાથે પરંબ્રહ્મ તત્ત્વ રહેલું છે.

१० जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्माविष्णुशिवस्ततः।
देवतारूपवत्प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मतः॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| जगत् तु | त्रिविधम् | प्रोक्तम् | ब्रह्मा-विष्णु-शिवः | | ततः |
| જગત પણ | ત્રણ રૂપે | કહેવાયું છે | બ્રહ્મદેવ, વિષ્ણુદેવ, મહાદેવ | | તેથી |
| देवता-रूपवत् | प्रोक्ता | ब्रह्मणि | इत्थम् | हरिः | मतः |
| દેવ સ્વરૂપે | કહેવાયાં છે | બ્રહ્મમાં | એ રીતે | શ્રીભગવાનના | મતે |

तु जगत् त्रिविधम् (उत्पत्ति, स्थिति, लयम्) प्रोक्तम्। ततः ब्रह्मणि देवतारूपवत्, ब्रह्मा-विष्णु-शिवः प्रोक्ता। इत्थम् हरिः मतः॥

હવે જગત ત્રિવિધ કહેવાયું છે (ઉત્પત્તિ, સ્થિતિ, લયવાળું). તેથી બ્રહ્મમાં દેવસ્વરૂપ, બ્રહ્મા–વિષ્ણુ–મહેશ કહેવાયાં છે. આ રીતે હરિ.. શ્રીભગવાનનો (ભગવદ્ગીતામાં) મત છે.. અભિપ્રાય છે.

તાત્પર્ય ઃ આપણી સમજ હેતુ આચાર્યશ્રીએ ગંગાજીનું દૃષ્ટાંત આપ્યું. હવે આ વાતને વધુ સૂક્ષ્મ કરીને ભગવાન અંગેનો મત સ્થાપે છે. एकोऽहम् बहुस्याम्! તેમાં બહુ એટલે ત્રણ કે ત્રણથી વધારે. ભગવાન બૃહદ્ થતાં, બ્રહ્મનાં પ્રાથમિક ત્રણ રૂપો તત્ત્વરૂપે પ્રગટ થયાં! બ્રહ્મા–વિષ્ણુ–મહેશ. વેદોમાં જગતને ત્રિમૂર્તિ કહે છે કારણ, બ્રહ્માંડનાં ત્રણ મૂળભૂત તત્ત્વો.. ઉત્પત્તિ–સ્થિતિ–લય કે સૌનાં કર્તા–ભર્તા–હર્તા. ગીતામાં તેમને જ પ્રભવિષ્ણુ–ભૂતભર્તુ–ગ્રસિષ્ણુ (૧૩.૧૬) કહ્યાં છે. સૃષ્ટિનાં પ્રત્યેક કણમાં.. અસ્તિત્વ માત્રમાં આ ત્રણ રહેલાં છે, જેને આજનું વિજ્ઞાન ઇલેક્ટ્રોન–પ્રોટોન–ન્યુટ્રોનથી ઓળખે છે. બ્રહ્મત્વની જીવવૃત્તિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ પણ આ ત્રણથી જ છે. તે બ્રહ્મ જ છે પણ કાર્યગત ક્ષેત્રથી ભિન્ન છે.

શ્રીભગવાને ગીતામાં સ્પષ્ટરૂપે વારંવાર કહ્યું છે કે સૃષ્ટિનાં સર્વ કારણોનું કારણ હું છું. સર્વનું પ્રભવ–નિધાન–પ્રલય.. સર્ગ–નિસર્ગ–વિસર્ગ હું છું. સર્વ વૃત્તિઓ, પ્રવૃત્તિઓ કે નિવૃત્તિઓ મારાથી છે...

આપણે બાળવિદ્યાલયનાં વિદ્યાર્થી અને આ મહાવિદ્યાલયનો અભ્યાસક્રમ! છતાં આચાર્યશ્રીએ સરળતાથી સમજાવ્યું કે શ્રીકૃષ્ણ એટલે પરંબ્રહ્મ.. ભગવાનનો અવતાર! નહીં કે ત્રિદેવોમાંથી કોઈ એકનો! શ્રીકૃષ્ણ જ ત્રણેયનાં અંશી છે! તેથી વિષ્ણુના અવતાર કૃષ્ણ નથી, કૃષ્ણ ભગવાનના અંશ વિષ્ણુદેવ છે.

११ कामाचारस्तु लोकेऽस्मिन् ब्रह्मादिभ्यो न चान्यथा।
परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| कामाचारः | तु | लोके | अस्मिन् | ब्रह्मा-आदिभ्योः | न | च | अन्यथा |
| વ્યવહાર | તો | લોકમાં | આ | બ્રહ્મા વગેરે દ્વારા | નહીં | અને | બીજી રીતે |

| | | | | |
|---|---|---|---|---|
| परमानन्दरूपे | तु | कृष्णे | स्व-आत्मनि | निश्चयः |
| પરમ આનંદ સ્વરૂપ | સાચે જ | કૃષ્ણમાં | પોતાના આત્મામાં | નિશ્ચય કરવો |

तु अस्मिन् लोके काम-आचारः (प्रतिव्यवहारः) ब्रह्मा आदिभ्योः.. देवभ्योः (प्रवर्तन्ते) न च अन्यथा। तु परमानन्दरूपे (परंब्रह्मे.. भगवते) कृष्णे, स्वात्मनि निश्चयः॥

વાસ્તવમાં આ લોકનાં કામાચાર.. સર્વ વ્યવહારો, બ્રહ્મા (વિષ્ણુ, મહેશ વગેરે દેવો દ્વારા જ થાય છે), નથી વળી અન્ય કોઈ રીતે. સાચેજ પરમ આનંદરૂપ (પરંબ્રહ્મ.. ભગવાન..) શ્રીકૃષ્ણનો, પોતાની અંદર "આત્મા" રૂપે (વિદ્યમાન છે તેવો) નિશ્ચય કરવો.. ભાવના કરવી.

તાત્પર્ય ઃ सभी जीवकी मोटरगाडी! યાદ છેને! આ સ્વયં સંચાલિત કાર છે! બ્રહ્મ અર્થાત્ પ્રકૃતિ જ ચલાવે છે. જીવની સવારી છે અને તેને લાગે છે, હું ચલાવું છું! મારે અહીં જવું છે, ત્યાં જવું છે! ક્યાં ક્યાં ભટકાય છે! તેને જવાનું છે માત્ર સહયાત્રી સુધી! જીવ જ્યાં સુધી રાગમાર્ગી છે.. પ્રકૃતિમાં રમમાણ છે, ત્યાં સુધી હરિથી વિમુખ છે, જે સાથે જ છે પણ એની તરફ ધ્યાન નથી.

વળી, દેહ સર્જનથી લઈને પ્રાપ્તિ, પ્રવૃત્તિ, તુષ્ટિ, પોષણ, રક્ષણ, વર્ધન, નિવૃત્તિ, ગતિ, નિવારણ, લય.. વિસર્જન વગેરેનાં સર્વ કાર્યો દેવો દ્વારા અર્થાત્ પ્રકૃતિ દ્વારા જ થાય છે. જીવ.. દેહીનાં નામે દેહમાં માત્ર ભોગો ભોગવે છે, તેથી બંધાય છે! જ્યારે તે પ્રવૃત્તિથી ઉપરત થાય ત્યારે તેનું ધ્યાન આત્મા તરફ જાય!

આચાર્યશ્રી કહે છે, જે સાથે છે તે વિલક્ષણ તત્ત્વ, જેને "આત્મા" કહીએ છીએ, જે શ્રીકૃષ્ણના નામે પ્રસિદ્ધ છે, તે સૌનાં અંતર્યામિન્ પણ છે! તે પરંબ્રહ્મ તત્ત્વ સુધી પહોંચવાનો નિશ્ચય કરવો જોઈએ! સાથે જ છે પરંતુ જાણે કે દૂર થયા છે! કારણ ચિત્ત મલિન છે.. અંતઃકરણ અશુદ્ધ છે! તેથી સૌ પ્રથમ, ધ્યાન માત્ર શ્રીકૃષ્ણમાં લગાડવું પડશે, ચિત્ત બધેથી હટાવવું પડશે! તે ભક્તિનું પ્રથમ સોપાન!

१२ अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधियताम्।
आत्मनि ब्रह्मरूपे हि छिद्रा व्योम्नीव चेतनाः॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| अतः | तु | ब्रह्मवादेन | कृष्णे | बुद्धिः | विधियताम् |
| તેથી | અવશ્ય | બ્રહ્મવાદ પ્રમાણે | કૃષ્ણમાં | બુદ્ધિ | સ્થાપીને |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| आत्मनि | ब्रह्मरूपे | हि | छिद्राः | व्योम्नि | इव | चेतनाः |
| આત્મમાં | બ્રહ્મરૂપે | કેમ કે | કાણા | આકાશમાં | જેમ | ચૈતન્યો |

हि (यथा रात्रौ तारकाः दृश्यन्ति) व्योम्नि छिद्राः इव, (तथा) आत्मनि ब्रह्मरूपे चेतनाः (बोधयन्ति)। अतः तु कृष्णे ब्रह्मवादेन बुद्धिः विधीयताम्॥

કેમ કે (જેમ રાત્રે તારલાઓ) આકાશરૂપી ચાદરમાં પડેલાં કાણાઓ જેવાં દેખાય છે, (તેમ) આત્મમાં બ્રહ્મરૂપે ચૈતન્યો.. (સર્વ જીવ સમૂહોનો બોધ થાય છે.) તેથી અવશ્ય શ્રીકૃષ્ણમાં, બ્રહ્મનાં સિદ્ધાંતથી, બુદ્ધિ સ્થાપવી જોઈએ.

તાત્પર્ય : નરસૈંયો કહે છે, 'જાગીને જોઉં તો જગત દિસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે!' જગત સમગ્ર રાત્રીનો જ આભાસ છે! જેમ દિવસ થતાં આકાશ સ્પષ્ટ થાય છે તેમ, આત્માનો પ્રકાશ થતાં જીવને સ્વયંના બ્રહ્મ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે અને જીવ–આત્માનો દ્વૈતભાવ પ્રત્યક્ષ થાય છે. તેથી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ સ્થાપવાનો હેતુ છે; ચિત્ત નિર્મળ થાય, શુદ્ધ કર્મોથી સાત્ત્વિકતાની પુષ્ટિ થાય, સર્વ બંધનો છૂટે અને બ્રહ્મની અનુભૂતિ થાય. તે પછી કૃષ્ણકૃપાથી આત્મસાક્ષાત્કાર થાય, અદ્વૈતાનુભૂતિ થાય.

ચૌદલોકમાં કોઈ ભગવાનની સમકક્ષ નથી તો તેમનાથી પર.. વધીને કોણ હોઈ શકે? સૌ કોઈ તેમનું જ ધ્યાન ધરે છે! બ્રહ્મા તો કમલાસનસ્થ થઈને ધ્યાન ધર્યા જ કરે છે! શ્રીવિષ્ણુ સુતાં સુતાં કોનું ધ્યાન ધરે છે? અને શિવજી એકાંતમાં, હિમાલય ઉપર તપસ્વી થઈને કોનું ધ્યાન ધરે છે? સૌ તે.. પરમસ્રષ્ટા.. પરમાત્મા.. વિરાટ સ્વરાટ.. પરમેશ્વર.. ઉત્તમપુરુષ.. ભગવાનમાં લીન છે.. સમાધિસ્થ છે.

આપણે પણ ભગવાનના એ એકમાત્ર પૂર્ણાવતારમાં તલ્લીન રહેવું જોઈએ. શ્રીકૃષ્ણને જાણીએ, ઓળખીએ, સમજીએ અને પછી ધ્યાન ધરીએ! આચાર્યે જે બ્રહ્મબુદ્ધિ સમજાવી તેનાથી જ પરંબ્રહ્મનું ધ્યાન ધરવું જોઈએ.

१३ उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने।
गंगातीरस्थितो यद्वद् देवतां तत्र पश्यति॥

| उपाधिनाशे | विज्ञाने | ब्रह्म-आत्मत्व | अवबोधने |
|---|---|---|---|
| જીવની ઉપાધિના નાશે | અનુભવ જ્ઞાનથી | સ્વયં બ્રહ્મતત્ત્વનો | પુનઃ બોધ થતાં |

| गंगातीरस्थितः | यत् वत् | देवताम् | तत्र | पश्यति |
|---|---|---|---|---|
| ગંગાના તીરે ઊભેલો | જે રીતે | ગંગાદેવીને | ત્યાં | દેખે.. દર્શન કરે છે |

यद्वत् गंगातीरस्थितः (योग्य सेवकः) तत्र देवताम् पश्यति। (तद्वत् जीवः) उपाधिनाशे विज्ञाने, अवबोधने ब्रह्म (तत्त्व.. ब्रह्म-स्वरूपः) आत्मत्व (स्वयमेव पश्यति)॥

જે રીતે ગંગાતટે ઊભેલો (યોગ્ય ભક્ત) ત્યાં દેવી સ્વરૂપે (પ્રત્યક્ષ ગંગાજીને) દેખે છે.. દર્શન કરે છે. તે રીતે (જ જીવ તેની જીવરૂપ) ઉપાધિનો નાશ થતાં, વિજ્ઞાનથી.. અનુભૂતિ દ્વારા, પુનઃબોધન.. ભાન થતાં બ્રહ્મ (તત્વ.. બ્રહ્મ સ્વરૂપે) આત્મત્વ (સ્વયંને જ દેખે છે.)

તાત્પર્ય : ભક્તને કેટલીય પરીક્ષાઓ, તપશ્ચર્યાઓ, કર્મો પછી તેની ભક્તિ અને કર્મફળ પ્રમાણે દેવી–દેવતાઓ દર્શન આપે છે. તે રીતે જીવનોનાં જીવનો સુધીનાં પ્રયત્નો, યોગસાધનાઓ પછી, પરિશુદ્ધ થતાં જીવ પુનઃ બ્રહ્મત્વને ઓળખી લે છે.. अहं ब्रह्मास्मिની અનુભૂતિ કરે છે. તે માટેનાં વિવિધમાર્ગો છે, તેમાં ભક્તિમાર્ગ ઉત્તમ છે! જ્ઞાનરાણા આચાર્ય શંકર પણ ભક્તિનો મહિમા કરતાં કહે છે કે, मोक्षकारण सामग्र्यां भक्तिरेव गरियसि! મોક્ષપ્રાપ્તિની સામગ્રીમાં ભક્તિ જ શ્રેષ્ઠ છે!

બ્રહ્મ તો સ્વયં શુદ્ધ છે, તે કેમ અશુદ્ધ થયું? કદાચ આ જ ઈશ્વરની માયા છે! બ્રહ્માંશને દ્વૈતનો આનંદ લેવાની.. રમવાની ઇચ્છા થઈ! પણ રમતાં રમતાં રમવાની વસ્તુઓ જ આનંદ થાય તો? તે રાગ કહેવાય! આનંદ સ્વરૂપ હતો, હવે વિષયો આનંદપ્રદ લાગ્યાં તેથી ફસાયો, જીવરૂપ થયો! હવે જ્યાં સુધી રમત પૂર્ણ ન થાય ત્યાં સુધી બહાર ન નીકળાય! રમત પૂર્ણ ક્યારે થાય? બીજાં જીવોનાં ઋણ ચૂકવાઈ જાય ત્યારે! તેથી કહ્યું છે, जीवो जीवस्य जीवनम्! બીજાં જીવોનું જીવન થા તો મુક્ત થઈશ, બીજાનાં જીવનો પર જીવીશ તો બંધાતો જઈશ! અને રમત એટલે રમત! એમાંથી ભગવાન પણ ન છોડાવે! રમ્યા કર!

१४ तथा कृष्णं परंब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति।
संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| तथा | कृष्णम् | परंब्रह्मम् | स्वस्मिन् | ज्ञानी | प्रपश्यति |
| તેમ જ | શ્રીકૃષ્ણને | પરંબ્રહ્મને | પોતાનામાં | જ્ઞાનીભક્ત | પેખે છે |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| संसारी | यः | तु | भजते | सः | दूरस्थः | यथा | तथा |
| સંસારાસક્ત | જે | પરંતુ | ભજે છે | તે | દૂર ઊભેલો | જેમ | તેમ |

तथा ज्ञानी(भक्तः ब्रह्मरूपः) परंब्रह्म कृष्णम् (आत्मस्वरूपम् विलक्षणम् ज्ञातुम्) स्वस्मिन् प्रपश्यति। तु यः (तटेन्) दूरस्थः सः संसारी (संसारासक्तः प्रवाहमार्गी) यथा तथा भजते॥

તેમજ જ્ઞાની (બ્રહ્મરૂપ થયેલો તે જ્ઞાનીભક્ત) બ્રહ્મથી પરે રહેલા શ્રીકૃષ્ણને (આત્મ સ્વરૂપે રહેતા વિલક્ષણતત્ત્વને જાણીને) પોતાનામાં જ દેખે છે. પરંતુ જે દૂરીભાવ રાખે છે.. દૂર કિનારે જ રહે છે તે સંસારી (પ્રવાહમાર્ગી માનવ) જેમ તેમ ભજે છે. (પરંપરાથી માનવા પડે કે પૂજવા પડે તેથી ભજે છે.)

તાત્પર્ય : આચાર્યશ્રી અનુભૂતિથી કહે છે કે તેવા બ્રહ્મસ્થ થયેલા જ્ઞાનીભક્તો, ભગવત્કૃપાથી જ પરંબ્રહ્મ.. બ્રહ્મનાં અંશીને, પોતાનામાં આત્મા સ્વરૂપે દર્શન કરે છે. આ મહાપુરુષોનો અનુભવ છે, અપરોક્ષાનુભૂતિ છે!

જેમ ગંગાજીનો ભક્ત સમીપ આવતાં દર્શન પામે છે, જ્યારે તટ ઉપર વર્ષોથી ધંધો ચલાવતો વેપારી, ભક્તિભાવના અભાવે જીવન વ્યર્થ ગુમાવે છે. તે વેપારી, ટીલાં-ટપકાં કરશે, ગંગાજીનો જય જય કરશે, મોટા ભક્ત જેવો આડંબર કરશે કારણ, ધંધો કરવો છે! વેપારનો આધાર ગંગાજી છે! અંદરથી ગંગાજી માટે કાંઈ નથી. તેથી દૂરસ્થ શબ્દ વાપર્યો! છોને તટ પર રહેતો, અંદરથી ઘણો દૂર છે!

આવા લોકો પ્રવાહમાર્ગી છે, મર્યાદામાર્ગી હોય તો પણ થોડોઘણો વિકાસ થાય પણ, તામસિક તો ડૂબવાનો જ! આવું જ શ્રીકૃષ્ણ પ્રત્યે છે. સંસારીઓ ભજે છે કારણ, સંસાર સુખરૂપ ચલાવવો છે. ભગવાનને માની રાખવા સારા! કંઈ ઊંધુ-ચતું ના થાય તે માટે! પરંતુ તે સંસારીઓ દૂરસ્થ જ છે! શ્રીકૃષ્ણને માત્ર જ્ઞાનીભક્ત જ ઓળખી શકે અને પૂર્ણરૂપે ભજી શકે. ગીતાજી અને આચાર્યશ્રીના મત પ્રમાણે તે ભગવાનથી અને ભગવાન તેનાથી દૂર નથી! રહી શકતા નથી!

१५ अपेक्षितजलादीनाम् अभावात्तत्र दुःखभाक्।
तस्मात्श्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः॥

| अपेक्षित-जल-आदीनाम् | अभावात् | तत्र | दुःखभाक् |
|---|---|---|---|
| આવશ્યક જળ વગેરેનાં | અભાવ થવાથી | ત્યાં | દુ:ખ.. કષ્ટ થાય છે |

| तस्मात् | श्रीकृष्णमार्गस्थः | विमुक्तः | सर्वलोकतः |
|---|---|---|---|
| તેથી | શ્રીકૃષ્ણના માર્ગે સ્થિત | સંપૂર્ણ મુક્ત છે | સર્વ લોકમાંથી |

(यत्र) अपेक्षित जल आदीनाम् अभावात् तत्र (तृप्तिः अभावात्) दुःखभाक्। तस्मात् श्रीकृष्ण-मार्गस्थः (योगमार्गे स्थितः पुष्टः) सर्वलोकतः विमुक्तः॥

(જ્યાં) આવશ્યક જલ–ભોજન વગેરેનો અભાવ હોય ત્યાં (તૃપ્તિના અભાવમાં) દુ:ખ.. યાતના થાય છે. તેથી શ્રીકૃષ્ણના માર્ગે રહેલો.. શ્રીકૃષ્ણે સૂચવેલા માર્ગે ચાલતો.. પુષ્ટજીવ, સર્વલોકમાંથી મુક્ત થાય છે.

તાત્પર્ય : યાત્રામાં ભોજન–પાણીની વ્યવસ્થા સાથે રાખવાની હોય છે. તેમનાં અભાવમાં કેટલાં કષ્ટ ભોગવવાં પડે તેનો અનુભવ સૌને હશે જ! આજે તો પહેલેથી જ બધી વ્યવસ્થાઓ કરી લેવાય છે! યાત્રામાં કોઈ યાતના જ નહીં! આચાર્યશ્રી શ્રીકૃષ્ણના માર્ગની વાત કરે છે, ત્યાં કયાં ખોરાક પાણી જોઈએ?

જીવનું સર્વસ્વ સંસાર છે. જીવનાં રાગ કે મોહ, આસક્તિ કે અનુરક્તિ, વૃત્તિ કે પ્રવૃત્તિ... તે બધાનું કેન્દ્ર સંસાર.. વિષયો કે ભોગો છે! જીવનું મન એકવાર આ કેન્દ્ર બદલી નાખે તો નૈયા પાર! આચાર્યશ્રી કહે છે તેમ, કેન્દ્રમાં શ્રીકૃષ્ણને લઈ આવો, પછી જુઓ! પેલાં બધાંય.. રાગ અને આસક્તિ હવે સંસાર ભૂલીને ભગવાન પાછળ દોડશે! કોઈ ખોરાક પાણી બદલવાની આવશ્યકતા નથી, શ્રીકૃષ્ણના માર્ગમાં સૌ તેનાં તે જ છે, માત્ર દૃષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાઈ જાય! પણ આ બધું અંદરથી થાય! કદાચ બહાર તો કોઈને ખબર પણ ન પડે!

श्रीकृष्णात्परंतत्त्वमहं न जाने! આવા શ્રીકૃષ્ણનો માર્ગ ક્યાં પહોંચાડે છે? જ્યાં કોઈ લોક જ નથી ત્યાં! यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम! (ગીતા ૧૫.૬) જ્યાંથી જઈને પાછું આવવાપણું નથી તે ધામનાં નિત્ય નિવાસી થઈ જવાય છે! તેથી નિષ્કામભાવે શ્રીકૃષ્ણના માર્ગે ચાલવાનું છે તેવો શ્રીવલ્લભનો સિદ્ધાંત છે.

१६ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत्।
लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा॥

| | | | |
|---|---|---|---|
| आत्मानन्द-समुद्रस्थम् | कृष्णम् | एव | विचिन्तयेत् |
| આત્માનંદના સમુદ્રમાં સ્થિત રહેલાને | કૃષ્ણને | જ | નિત્ય સ્મરવા જોઈએ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| लोकार्थी | चेत् | भजेत् | कृष्णम् | क्लिष्टः | भवति | सर्वथा |
| લોકસુખ માટે | જો | ભજે | કૃષ્ણને | ક્લેશ | થાય છે | સર્વ રીતે |

(तस्मात्) आत्मानन्द-समुद्रस्थम् कृष्णम् एव विचिन्तयेत्। (तु) चेत् लोक-अर्थी कृष्णम् भजेत्, सर्वथा क्लिष्टः भवति॥

(તેથી) આત્માનંદના સમુદ્રમાં સ્થિત.. સર્વાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણને જ ચિંતવવા જોઈએ, (મન–બુદ્ધિથી ભગવદ્રૂપનું જ સ્મરણ કરવું, પરંતુ) જો લોકેષણા કે લૌકિકતા માટે શ્રીકૃષ્ણને ભજે.. પૂજે (તેને) પ્રત્યેક રીતે ક્લેશ.. કષ્ટ થાય છે.

તાત્પર્ય ઃ ભગવાન પાસે તો બધા જાય! દુઃખી કે આર્ત જાય, યાચક કે માંગણ જાય, ભક્ત જાય તેમ જ્ઞાની પણ જાય! બધાને લાભ મળે! તો આચાર્યે શામાટે આવું કહ્યું કે લૌકિકતા માટે જાય તેને ક્લેશ થાય છે! એનું કારણ છે...

અહીં ફરીથી શરણરહસ્યનાં શરણભાવનું સ્મરણ કરીએ! આપણે કોણા શરણમાં છીએ? ભગવાનનાં કે સંસારનાં! સંસારમાં રહીને ભગવાનને શરણે રહી શકાય પણ ભગવાન પાસે જઈને સંસારનું શરણ મંગાય? પ્રભુ! મારો સંસાર સુખી કરો! આવી ક્ષુલ્લક માંગણી થાય? કોણ છે સામે? જે સોનું આપવા બેઠો છે એને કહીએ છીએ કે મને માટી કે પીત્તળ આપો! પૂર્ણ આનંદ આપવાવાળાને કહીએ છીએ કે મને ક્ષણિક આનંદ આપો! કેવું લાગે? ભગવાનને કંઈ લાગે ના લાગે પણ સાથે રહેલી પ્રકૃતિદેવીને જ નહીં ગમે!

વચ્ચે કેટલાંય દેવ–દેવીઓ છે, સંસારસુખ તેમની પાસે મંગાય, ભગવાન પાસે નહીં. એક માણસે ઘણી મહેનત પછી વડાપ્રધાનનો સમય લીધો, ત્રણ મિનિટ મળી! સમય માંગ્યો હતો ગામના વિકાસ માટે, જઈને કહે છે મારી પત્નીનો ત્રાસ છે, તમે કંઈક કરો! સંત્રીઓ તરત બહાર લઈ ગયા, સીધો કરી નાંખ્યો તે જુદું!

આપણે આવું કરીએ છીએ તેથી આચાર્યો જેવાં સંત્રીઓ કહે છે, શ્રીકૃષ્ણનું વિશેષરૂપે ચિંતન કરો, માનસીપૂજા કરો! એ દેવોનાં દેવ છે, સર્વાધીશ છે!

१७ क्लिष्टोऽपि चेद्भजेत्कृष्णं लोको नश्यति सर्वथा।
ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत्पूजोत्सवादिषु॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| क्लिष्टः | अपि | चेत् | भजेत् | कृष्णम् | लोकः | नश्यति | सर्वदा |
| ક્લેશયુક્ત | પણ | જો | ભજે | કૃષ્ણને | ભવ | નાશ પામે | સર્વ રીતે |

| | | | | |
|---|---|---|---|---|
| ज्ञान-अभावे | पुष्टिमार्गी | तिष्ठेत् | पूजा-उत्सवा | आदिषु |
| જ્ઞાનના અભાવમાં | પુષ્ટિમાર્ગીએ | રહેવું | પૂજા કે ઉત્સવો | વગેરેમાં |

(तु) क्लिष्टः अपि चेत् कृष्णम् भजेत्, सर्वथा लोकः नश्यति (मुक्ति भवेत्। तस्मात्) पुष्टिमार्गी.. सात्त्विकमार्गी ज्ञान-अभावे (अपि) पूजा-उत्सवा आदिषु तिष्ठेत्॥

(પરંતુ) દુઃખી.. આર્ત પણ જો કૃષ્ણને ભજે, સર્વ રીતે લોક નાશ પામે, (મુક્તિ પામે, તેથી) પુષ્ટિમાર્ગીએ.. સાત્ત્વિકમાર્ગીએ, જ્ઞાનના અભાવે (પણ ભગવાનના) પૂજા–ઉત્સવોમાં રહેવું.. ભાગ લેવો. (તેનાથી સાત્ત્વિકતાને વધુ પુષ્ટિ મળશે.)

તાત્પર્ય ઃ દુઃખીને પ્રથમ શું જોઈએ? દુઃખમાંથી મુક્તિ! તે શું ભગવાન નથી જાણતા? છતાં તેમનાં લગભગ બધાં ભક્તો દુઃખી છે! આ વાસ્તવિકતા છે. કોઈ ભક્તે દુઃખોની ફરીયાદ નથી કરી. ઊલટું, કુંતામાતા જેવાં ભક્તોએ વિપદાઓ માંગી છે, જો દુઃખમાં તારો સાથ મળતો હોય તો દુઃખ પણ ચાલશે! તે આપ!

દુઃખમાં કે કષ્ટમાં પણ, નિષ્કામભાવે ભગવાન પાસે જવાવાળા મહાન છે, મહાન થાય છે. કેમકે તેઓ જાણે છે કે આ સુખ–દુઃખનાં કારણ આપણાં કર્મો છે, આવશે અને જશે. બીજું, એક સામાન્ય નોકરી લેવા જઈએ છે ત્યાંય કેટલી પરીક્ષાઓ લેવાય છે! તો શું ભગવાન નહીં ચકાસે? દેવો પણ તપાસશે! તેથી શ્રીકૃષ્ણમાર્ગીએ દુઃખોથી ગભરાવું નહીં, નિસ્વાર્થભાવે સેવા કર્યા કરવી.

તેથી અભ્યાસ કે સ્વાધ્યાય, નિયમિત શ્રવણ કે વાંચન, ભજન–કીર્તન કે સત્સંગ... આ બધું આવશ્યક છે. સંસ્કાર ને શિક્ષણ વિના તો કોઈ માર્ગે આગળ નહીં જવાય! આવું ન થાય તેને માટે આચાર્યશ્રી કહે છે કે જ્ઞાન ન હશે તો ચાલશે પણ યોગ્ય શિક્ષા મળી રહે, ટકી રહે તે માટે ઉત્સવો, તીર્થોમાં કે સત્સંગોમાં ભાગ લેવો; જેનાથી મન હરિમાં લાગે! માનસીસેવા માટે મન યોગ્યતા મેળવે અને બુદ્ધિ ભગવાનમાં સ્થિર થાય! સંસારાસક્તિ ઓછી થશે તો પ્રભુસેવાની વૃત્તિ વધશે!

१८ मर्यादास्थस्तु गंगायां श्रीभागवततत्परः।
अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः॥

| मर्यादास्थ | तु | गंगायाम् | श्रीभागवत-तत्परः |
|---|---|---|---|
| મર્યાદામાર્ગી.. રૂઢીચુસ્ત | પણ | ગંગા તટે | ભગવાનના પ્રસંગોમાં તત્પર |

| अनुग्रहः | पुष्टिमार्गे | नियामकः | इति | स्थितिः |
|---|---|---|---|---|
| ગ્રહી લેવાશે | પુષ્ટિમાર્ગમાં | નિયામક શ્રીકૃષ્ણ | આમ | વ્યવસ્થા છે |

तु गंगायाम् (ज्ञानीनाम् संगे) मर्यादास्थः श्रीभागवत-तत्परः।
(ततः) नियामकः श्रीकृष्णः पुष्टिमार्गे अनुग्रहः इति स्थितिः॥

પરંતુ ગંગાકિનારે (જ્ઞાનીઓની સંગે) મર્યાદાસ્થ.. સાંસ્કૃતિક (ભક્ત પણ જો) શ્રીભગવાન વિષયક પ્રસંગોમાં તત્પર રહે.. વ્યસ્ત રહે (તો) નિયામક.. સ્વયં શ્રીકૃષ્ણ (તેને) પુષ્ટિમાર્ગમાં.. સાત્ત્વિકભક્તોમાં ગ્રહી લેશે.. કૃપા કરીને અપનાવી લેશે, આવી સ્થિતિ.. વ્યવસ્થા છે.

તાત્પર્ય ઃ મર્યાદામાર્ગી અર્થાત્ સંસ્કૃત માનવ! સનાતની જે વૈદિકધર્મનો ચૂસ્ત પાલક છે. જે સંસારની સાથે થોડો સમય ધર્મ માટે પણ ફાળવે છે. જેને કદાચ ભક્તિની વિશેષ સમજણ નથી પણ, આ ગંગાતટે.. પ્રેમપ્રવાહનાં તટે, ભગવાનનાં ઉત્સવોમાં કે પ્રસંગોમાં ભાગ લે છે.. તત્પર રહે છે, તે સાચો મર્યાદામાર્ગી છે.

જેની પાંસે જ્ઞાન નથી પણ, ગંગાતટે અર્થાત્ જ્ઞાનીઓ સંગે રહે છે. સાંપ્રદાયિક ભક્ત છે, રીત-રીવાજો પાળે છે ઉપરાંત ભગવાનમાં જ આસક્ત રહે છે; તેને સ્વયં ભગવાન જ પોતાનો ગણીને પુષ્ટિ આપે છે.. જ્ઞાની-ભક્ત બનાવે છે.

આ ભક્તિમાર્ગના નિયામક જ ભગવાન પોતે છે! જે સમયે ભક્તિભાવ જાગશે, પૂર્ણ પ્રામાણિક હશે.. શત પ્રતિશત શરણભાવ થશે ત્યારે, ભગવાન કોઈની રાહ નહીં દેખે, કોઈ અન્યનું અનુમોદન નહીં માંગે! તરત સ્વીકારી લેશે!

આપણે જે પણ હોઈએ! ધર્મમાર્ગી, ધર્મપાલક, ધર્મરક્ષક કે ધર્મધૂરંધર! જેવાં હોઈએ તેવાં, અંદર વહેતી ગંગા.. પ્રેમપ્રવાહને ઓળખી લઈએ. પ્રભુનો તે પ્રેમ ઓળખાશે તો જ પ્રભુની આસક્તિ થશે.. વધશે! તેનાં કાર્યોમાં, ઉત્સવોમાં તન્મય થવાની ઉત્સુકતા જાગશે. તે સિવાય બધુંય નિરર્થક છે.. ઢોંગ છે, બાહ્યાચાર છે! આચાર્યશ્રીનો આ સિદ્ધાંત અતિશય મનનીય છે!

१९ उभयोस्तु क्रमेणेव पूर्वोक्तैव फलिष्यति।
ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| उभयोः | तु | क्रमेण | एव | पूर्व-उक्त | एव | फलिष्यति |
| બન્નેમાં | પરંતુ | ક્રમપૂર્વક | જ | પહેલાં કહ્યું તેમ | જ | ફળ મેળવશે |
| ज्ञान | अधिकः | भक्तिमार्गे | एवम् | तस्मात् | | निरूपितः |
| જ્ઞાન | વિશેષ છે | ભક્તિમાર્ગે | એવું છે | તેથી | | નિરુપણ કર્યું |

तु, पूर्व-उक्त एव (१३-१४), क्रमेण एव उभयोः (पुष्टिमार्गे च मर्यादामार्गे) फलिष्यति। भक्तिमार्गः (अपि) ज्ञान-अधिकः, (ज्ञानपूर्ण भक्तिमार्ग अधिकः), तस्मात् एवम् निरूपितः॥

પરંતુ, પહેલાં કહ્યું એમ જ (શ્લોક ૧૩–૧૪), ક્રમપૂર્વક જ બન્નેનું (મર્યાદામાર્ગનું અને પુષ્ટિમાર્ગનું) ફળ મળે છે. ભક્તિમાર્ગે (પણ) જ્ઞાન અધિક.. વિશેષ છે. જ્ઞાનપૂર્ણ ભક્તિમાર્ગ અર્થાત્ પુષ્ટિમાર્ગ અધિક છે, તેથી આવું નિરૂપણ થયું.

તાત્પર્ય ઃ સામાન્ય ભક્ત, જે મર્યાદામાર્ગી છે, જે પરંપરાથી કે રૂઢીઓથી ઈશ્વરને માને અને ભજે છે. તે ઈશ્વરને માન્ય તો છે પરંતુ એટલો નહીં જેટલો પુષ્ટિમાર્ગી.. જ્ઞાનીભક્ત! પુષ્ટિમાર્ગીને શ્રીકૃષ્ણ એ ભગવાન.. પરમાત્મા હોવાનું જ્ઞાન છે અને સૈદ્ધાંતિકજ્ઞાન હોવાથી, સૃષ્ટિ રહસ્ય, માયાવાદ, ગુણ–કર્મ વિભાગ વગેરેનું યથાવત્ જ્ઞાન છે, તેથી તેને અધિક ફળ મળે તેવું સૂચન છે. ઈશ્વરની દૃષ્ટિમાં તન–મન–ધનનાં બળ કરતાં, જ્ઞાનબળનું મહત્ત્વ વધારે છે! તેમાંય માહિતીજ્ઞાન નહીં, અનુભૂત જ્ઞાનને કિંમત છે.

આજે કોઈપણ સાંપ્રદાયિક ચિત્ર જુઓ, સંપ્રદાયમાં ધનવાનોનું મહત્ત્વ વધુ છે; રાખવું જ પડે કારણ, સંપ્રદાય ધનથી ચાલે છે! જ્ઞાનીથી કે ભગવાનથી નહીં! મહાવિદ્વાન પણ તે, જે ધનવાનોને આકર્ષિત કરે! પરંતુ ભગવાનની દૃષ્ટિમાં કે પ્રકૃતિનાં ન્યાયમાં એવું ચાલશે? તેથી માત્ર ભક્તિ કરતો આવેલો અને જ્ઞાન સંપાદન કરીને ભક્તિમાર્ગે રહેલામાં મોટો તફાવત છે. તે પ્રમાણે જ ફળ મળશે કે ભગવાનને પ્રિય થશે. આવું નિરૂપણ કરવાનો શ્રીવલ્લભનો આશય એ જ હશે કે ફળેચ્છાથી, પરંપરાથી, દેખાદેખીથી ભગવાનને શરણે ન જાવ, અભ્યાસ કરો.. જ્ઞાન પ્રાપ્તિનો પ્રયત્ન કરો, પછી તેને શરણે જાવ. પુષ્ટિ ત્વરીત મળશે!

२० भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः।
अन्यथा भावमापन्नस् तस्मात्स्थानाच्च नश्यति॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| भक्ति-अभावे | तु | तीरस्थः | यथा | दुष्टैः | स्वकर्मभिः |
| ભક્તિના અભાવે | પરંતુ | કિનારે રહીને | જેમ | દુષ્ટજનો | પોતાના કર્મોથી |
| अन्यथा | भावम् | आपन्नः | तस्मात् | स्थानात् च | नश्यति |
| બીજા બીજા | ભાવને | પ્રાપ્ત કરીને | તેથી | સ્થાનથી અને | નાશ પામે છે |

तु (गंगा) तीरस्थः भक्ति अभावे (प्रवाहमार्गे), यथा स्वकर्मभिः दुष्टैः अन्यथा भावम् आपन्नः च तस्मात् स्थानात् नश्यति॥ (मानवजन्मम् वृथा करोति॥)

પરંતુ, (ગંગાજીનાં) તીરે.. કિનારે રહીને, ભક્તિના અભાવે (પ્રવાહમાર્ગે) જેમ પોતાના કર્મોથી દુષ્ટજનો બીજા બીજા ભાવને પ્રાપ્ત કરે છે અને તેથી સ્થાનભ્રષ્ટ થાય છે.. માનવપદ ગુમાવે છે. (માનવજન્મ વૃથા.. ફેરો ફોકટ કરે છે.)

તાત્પર્ય : ગંગાકિનારે એટલે જ્ઞાનીઓની વચ્ચે રહીને પણ અથવા જે માત્ર જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે એવા મનુષ્ય દેહમાં.. આ મહામૂલા ભવમાં, ભગવાનની ભક્તિ છોડીને, કાંઈક ભળતું જ ધ્યાનમાં લે છે. ભોગવિલાસમાં જીવન વ્યતીત કરીને તે પ્રવાહમાર્ગી જીવ, મનુષ્યત્વ ગુમાવી દે છે. પશુવત જીવન પસાર કરીને અન્ય યોનીઓ પામે છે કાંતો આસુરીવૃત્તિ ધારણ કરીને પ્રલયપર્યંત મનુષ્ય યોનીથી વંચિત રહે છે. આચાર્યને આ બાબતનો કેટલો સૂક્ષ્મ અભ્યાસ છે! તેથી કહે છે, શું કામ વ્યર્થ જીવન ગુમાવો છો? મનુષ્ય જીવન કેટલી તપશ્ચર્યા પછી મળે છે એને આમ પશુવત્ જીવીને ગુમાવી દેશો? મનુષ્ય જીવન એટલે જ ગંગાકિનારો!

દેહમાં વહેતો ગંગારૂપી પ્રેમપ્રવાહ માત્ર મનુષ્ય જ ઓળખી શકે! મનુષ્ય જ તેમાં સ્નાન કરી શકે! વિષયભોગોની ના નથી પણ ભોગોને લીધે આખો જન્મારો જ વ્યર્થ સિદ્ધ થાય તે કેમ ચાલે? જીવનમાં અન્ય સિદ્ધિ મળે કે ન મળે, યોગ પ્રાપ્ત થાય કે ન થાય, ભગવાન પ્રતિ પ્રયાણ થાય કે ન થાય, ચાલશે. પરંતુ જેવું તેવું જીવન જીવીને મનુષ્યત્વનું સ્થાન ગુમાવાય? રાજસિકભાવ કે તામસિકભાવનું પરિણામ જ આસુરીભાવ છે. તેઓને માટે ફરી મનુષ્ય દેહ મળવો અશક્ય છે. તેથી સાત્ત્વિક જીવન, મર્યાદિત જીવન પછી ભક્તિપૂર્ણ જીવન જીવવું જોઈએ.

२१ एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम्।
एतद्बुद्ध्वा विमुच्यते पुरुषः सर्वसंशयात्॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| एवम् | स्वशास्त्र | सर्वस्वम् | मया | गुप्तम् | निरूपितम् |
| એવું | સ્વરચિત શાસ્ત્ર | શાસ્ત્રનાં સર્વાર્થો | મારા વડે | રહસ્ય | નિરૂપિત થયાં |
| एतत् | बुद्ध्वा | विमुच्यते | पुरुषः | | सर्वसंशयात् |
| એને | જાણીને | મુક્ત થાય છે | પુરુષ.. માનવ | | સર્વ સંશયોથી |

एवम् गुप्तम् स्वशास्त्रम् सर्वस्वम् मया (वल्लभाचार्येण भक्तिशास्त्रम्) निरूपितम्। एतत् बुद्ध्वा पुरुषः सर्वसंशयात् विमुच्यते, (यथार्थ ज्ञानम् प्राप्यते)॥

આમ રહસ્યમય.. ગુહ્ય સ્વરચિત શાસ્ત્રનાં સર્વ સિદ્ધાંતો.. નિર્ણયો, મારા વડે (શ્રીવલ્લભાચાર્ય વડે ભક્તિશાસ્ત્રરૂપે) નિરૂપિત થયાં. એને જાણીને પુરુષ.. મનુષ્ય સર્વ સંશયોથી મુક્ત થશે. (અર્થાત્ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થશે.)

તાત્પર્ય ઃ સંશય તો થાય! દરેક ક્ષેત્રમાં રહેવાનાં! અધ્યાત્મ કે ભક્તિનાં ક્ષેત્રમાં વધારે રહેવાનાં. કારણ, અનુભવ મળતો નથી, બીજા કહે તે જ માનવાનું છે. ક્યારેક વિશ્વાસ કે શ્રદ્ધા ડગમગ થાય છે, શું કરવું સમજ પડતી નથી.

આજે ધર્મ.. સંપ્રદાયો.. વિવિધ માર્ગો કલુષિત થયાં છે. ધૂરંધરો પાખંડી થયાં છે. માત્ર અને માત્ર ભગવાનનો ભરોસો રહ્યો છે. લાગે છે એ જ સાચો રસ્તો છે! પૂર્ણ ભાવથી, સંપૂર્ણ શ્રદ્ધાથી, પરિપૂર્ણ શુચિતાથી ઈશ્વરનું શરણ લઈશું તો અવશ્ય ભગવાન રસ્તો કરશે. કોઈક ગુરુને આપણા સુધી મોકલી આપશે અથવા આવા મહાપુરુષના જ્ઞાનને ભગવાન જ સમજાવી દેશે! ददामि बुद्धियोगं...

આચાર્યશ્રીએ ભગવાનના વિષયમાં જે સંશયો હતાં તે દૂર કર્યાં. હવે આ જ્ઞાન ન સમજાય કે વિપરીત અર્થો થાય તો સમજવાનું કે વધુ અભ્યાસની આવશ્યકતા છે, વધુ શુદ્ધ કે સાત્ત્વિક જીવન કરવું પડશે. કંઈક તો ખૂટે છે જેથી સમજ ન પડે! ભગવાન પાસે જ જિજ્ઞાસુ થઈને જઈએ.

આ ભક્તિમાર્ગે સંશયો છૂટ્યાં હશે તો ઈશ્વરકૃપા! આગળ વધવાનો રસ્તો સાફ થયો. આ સિદ્ધાંતો જીવનમાં સ્થાપીને પુષ્ટિમાર્ગમાં પ્રગતિ કરી કૃતકૃત્ય થઈએ.

**શ્રીભગવાન માટેનાં સંદર્ભો**: ૪.૬ઃ અજ છું અવ્યયી પણ ભૂતેશ્વર હોવા છતાં, પ્રકૃતિનો સ્વામી થઈ સંભવું આત્મમાયાએ. ૪.૯ઃ જન્મ કર્મ મમ દિવ્ય એવાં જે જાણે તત્ત્વથી.. ૭.૬ઃ ..હું સમગ્ર જગતનો પ્રભવ તથા પ્રલય. ૭.૭ઃ મુજથી પર ના અન્ય કોઈ જ હસ્તિ ધનંજય! મારામાં સર્વ પરોવાયું સુત્રમાં જેમ મણિગણ. ૭.૧૯ઃ ..'વાસુદેવ જ સર્વ' દેખે તે મહાત્મા સુદુર્લભ. ૭.૨૫ઃ ના હું પ્રકાશિત સર્વને યોગમાયાથી આવૃત.. ૮.૨૧ઃ અવ્યક્ત તે અક્ષર એમ કહે એને પરં ગતિ.. ૯.૧૮ઃ ગતિ ભર્તા પ્રભુ સાક્ષી નિવાસ શરણ સુહૃત, પ્રભવ પ્રલય સ્થાન નિધાન બીજ અવ્યયી. ૧૦.૧૨ (અર્જુન): પરં બ્રહ્મ પરં ધામ પવિત્ર પરમં તમે, પુરુષ શાશ્વત દિવ્ય આદિદેવ અજ વિભુ. ૧૦.૧૪ (અર્જુન): ..નહીં જ ભગવન્! તમને જાણે દેવો ન દાનવો. ૧૩.૧૨ઃ ..અનાદિરૂપ પરંબ્રહ્મ ના સત્ ના અસત્ કહ્યું. ૧૩.૨૨ઃ ઉપદ્રષ્ટા અનુમન્તા ભર્તા ભોક્તા મહેશ્વર, પરમાત્મા એમ કહ્યો દેહે પરમ પુરુષને. ૧૪.૨૭ઃ બ્રહ્મનો હું જ આશ્રય અમૃત કે અવ્યયનો.. ૧૫.૧૮ઃ જેમ ક્ષરથી અતીત હું અક્ષરથીય ઉત્તમ, તેથી છું લોકે ને વેદે પ્રસિદ્ધ પુરુષોત્તમ.

**બ્રહ્મ તત્ત્વ.. બ્રહ્માંડ.. સૃષ્ટિ માટેનાં સદર્ભો**: ૨.૭૨ઃ આ બ્રાહ્મીસ્થિતિ પાર્થ! ના એ પદે વ્યામોહ છે, સ્થિત રહે અંતે પામે બ્રહ્મનિર્વાણે સદ્ગતિ. ૫.૧૯ઃ અહીં જ તે જીતે સર્ગ જેનું સમભાવી મન, નિર્દોષ ને સમ બ્રહ્મ તેથી બ્રહ્મે તે સ્થિત. ૬.૭ઃ જીત્યો આત્મા એ પ્રશાંતને પરમાત્મા સમાહિત.. ૭.૧૪ઃ દૈવી છે આ ગુણમયી મારી માયા દુસ્તરા, મારે જ શરણે આવે તે માયાને તરી જાય. ૮.૩ઃ અક્ષર છે પરંબ્રહ્મ સ્વભાવ અધ્યાત્મ કહ્યો.. ૮.૧૩ઃ ૐ એકાક્ષરી બ્રહ્મને જપે મારા નામ સહ, જે વિરમે ત્યજી દેહ તે પામે જ પરમગતિ. ૯.૧૦ઃ મુજ અધ્યક્ષે પ્રકૃતિ પ્રભવે છે ચર અચર, હેતુપૂર્વક હે કૌંતેય જગત છે પરિવર્તિત. ૧૦.૨ઃ ના જાણે પ્રભવ મારો ના દેવો ના મહર્ષિઓ, હું આદિ સૌ દેવોનો મહર્ષિઓનોય સર્વશઃ. ૧૦.૨૦ઃ હું આત્મા હે ગુડાકેશ! સર્વ ભૂતોમાં રહ્યો, હું આદિ અને મધ્ય ભૂત માત્રનો અંત પણ. ૧૦.૨૧ઃ આદિત્યોમાં હું વિષ્ણુ.. ૧૦.૨૩ઃ રુદ્રોમાં શંકર છું ને.. ૧૩.૧૬ઃ અવિભાજિત ભૂતોમાં વિભાજિત જેવા સ્થિત, ભૂતભર્તા તે જ જ્ઞેય ગ્રસિષ્ણુ ને પ્રભવિષ્ણુ. ૧૫.૭ઃ મારો જ અંશ જીવલોકે જીવરૂપે સનાતન, મન ઇંદ્રિયો સહિત પ્રાકૃત થઈને આકર્ષે. ૧૮.૫૪ઃ બ્રહ્મભૂત પ્રસન્નાત્મા ન શોક ન ઇચ્છા કરે, સમાન સર્વ ભૂતોમાં મારી ભક્તિ લહે પરમ. ૧૮.૬૧ઃ ઈશ્વર સર્વભૂતોનાં હૃદયે અર્જુન! વસે, ભમાવે સર્વભૂતોને યંત્રે ધર્યાં માયા વડે.

**ભગવાન** = પરંબ્રહ્મ.. પરમાત્મા.. પરમેશ્વર.. દેવાધિદેવ.. યોગેશ્વર.. વાસુદેવ.. કૃષ્ણ.. અવ્યક્ત.. અચિંત્ય.. અવિનાશી.. અવિકારી.. અવિજ્ઞેય.. અક્ષર.. અક્ષય.. અવ્યય.. અચલ.. અચ્યુત.. અકાલ.. અનંત.. અતુલ.. અપ્રમેય.. અધ્યક્ષ.. અજ.. અમર.. અનન્ય.. આદી.. અનાદી.. અંતર્યામી.. અખિલાંશી.. અતિગુહ્ય.. સર્વજ્ઞ.. સર્વસમર્થ.. સર્વવ્યાપી.. સર્વસ્રષ્ટા.. સર્વસ્રોત.. સર્વગોપ્તા.. સર્વનિધિ.. સર્વનિયંતા.. સર્વોત્તમ.. સર્વાનંદ.. સર્વગ.. સર્વત્ર.. સ્વતઃ.. સ્વયંભૂ.. સ્વરાટ.. વિરાટ.. સૂક્ષ્મતમ.. યજ્ઞપુરુષ.. પુરુષોત્તમ.. ક્ષેત્રજ્ઞ.. પ્રભવ.. પ્રવર્તક.. પ્રલય.. પ્રશાસ્તા.. હરિહર.. કેશવ.. બ્રહ્મી.

↓

**બ્રહ્મ** = ૐ તત્ સત્.. ત્રિમયમ્.. વિભુ–પ્રભુ–શંભુ.. બૃહત્.. અતર્ક્ય.. દુર્જ્ઞેય.. સાક્ષી.. શાશ્વત.. મહામાયિન્.. ચિદાનંદ.. અભૂત.. વિભૂત.. મહાપ્રાણ.. મહાશક્તિ.. પ્રણવ.. સ્વસ્તિ.. જ્ઞાનગમ્ય.. અમૂર્તિ.. અનેકમૂર્તિ.. કર્મજ્ઞ.. ધર્મસ્થ.

↓

**બ્રહ્માંડ** = બ્રહ્માંશ.. પુરુષવૃત્ત.. મહત્પ્રકૃતિ.. મહામાયા.. સર્વવિધ.. વિજ્ઞેય.. આનંદઘન.. મહાજ્યોતિ.. સર્વપ્રકાશ.. ચિતિશક્તિ.. મહાભૂત.. અશ્વત્થ.. વિશ્વ.

↓

**સૃષ્ટિ**

મુખ્યતઃ

- ચૈતન્ય સૃષ્ટિ — ચેતનાત્ સ ચૈતન્યઃ
  - ↓ મહાભૂતો.. વૃક્ષો, વનસ્પતિ, વનરાજી.. કૃમિ–કિટકો..
- પશુ સૃષ્ટિ — પશ્યતિ સ પશુઃ
  - માંસાહારી
    - * જીભથી પીતાં
    - * તીક્ષ્ણ નખવાળાં
    - * તીવ્ર દાંતવાળાં
    - * મુખ્યત્વે સુંદર, આકર્ષક
  - શાકાહારી
    - * ચૂસીને પીતાં
    - * બુઠ્ઠાં નખવાળાં
    - * સરળ દાંતાળાં
    - * સાધારણ દેખાતાં, મોટાં પેટવાળાં
- મનુ સૃષ્ટિ — મન્યતે સ મનુઃ
  - સ્વેચ્છાહારી
    - પ્રાકૃત માનવો
      - આસુરીવૃત્ત — અપ્રગત
      - દૈવીવૃત્ત — વિકસિત
    - મર્યાદી માનવો
      - જ્ઞાનમાર્ગી — શૂન્યમાર્ગી
      - ભક્તિમાર્ગી — યોગમાર્ગી
    - પુષ્ટ માનવો
      - ↓ પૂર્ણ પુરુષો — સિદ્ધ સંન્યાસી કે જ્ઞાનીભક્ત